||ॐ શ્રી સાઈરામ||

||ॐ શ્રી સાઈ પ્રેમપ્રદાય નમઃ|| (૬૬)

## સંપૂર્ણ વિશ્વને પ્રેમ આપવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

સ્વામી કહે છે-"મને તમારી પાસેથી કાંઈ જ જોઇતું નથી. આપવું જ હોય તો મને ફક્ત પ્રેમ આપો. પ્રેમથી છલોછલ ભરેલું શુદ્ધ હૃદય જયારે મને આપવામાં આવે છે ત્યારે તે લેવા માટે જ મારો હાથ આગળ થાય છે. જ્યારે અન્યથા (નહીં તો) તે સર્વ પ્રસંગે ફક્ત આપે છે, કાંઈ જ લેતો નથી."

સ્વામી કહે છે-"ઈશ્વર પ્રેમ છે અને પ્રેમ એટલે જ ઈશ્વર છે."

આધ્યાત્મિક ઉન્નતિની સાથે તુલના એટલે ઈશ્વરના સાચો પ્રેમ છે. આ પ્રેમ આપણને પ્રત્યક્ષ ઈશ્વર તરફથી જ પ્રાપ્ત થાય છે. સારા બનવાની, સારું જોવાની, તેમજ સારું કરવાની ઈશ્વરની શિખામણને જો આપણે અનુસરીએ, તો ઈશ્વર તરફથી સતત મળનારા પ્રેમનો આપણને લાભ મળે છે.

દુર્બળ, ગરીબ અને પીડિત લોકોને મદદ કરવા જેવી ઘણી વાતો છે. આ બધાની સેવા કરતી વખતે જ્યારે આપણને બધામાં ઈશ્વરનું રુપ દેખાવા લાગશે, ત્યારે જ તેનો પ્રેમ આપણને મળશે.

આવો પ્રેમ સ્વામી તરફથી મળેલા મુંબઈના એક ડૉક્ટરની આ એક કથા.

ફેબ્રુઆરી 2002માં આ ડોક્ટરને એક વિવાહ સમારંભમાં ઉપસ્થિત રહેવા માટે ચેન્નઈ જવાનું હતું. તે સમારંભમાં જવાનો તેમના એક સગાને પણ નિયંત્રણ હતું. તેથી આ ડોક્ટરે તેમને પૂછતાં તે બોલ્યા- " હું એક શરત પર આવીશ, તે એ કે મને પુટ્ટપતિ લઇ જવાનું." ડોક્ટર આ વાત માટે તૈયાર થયા. બંને ચેન્નાઈ જતા પહેલા પુટ્ટપતિ ગયા.

પ્રશાંતિનિલયમમાં સ્વામીના દર્શન લેવા માટે જઈને બેઠા અને તે જ દિવસે સ્વામીએ તેમને મુલાકાત માટે બોલાવ્યા. અન્ય ભક્તો સાથે મુલાકાત કક્ષમાં ગયા પછી નીચે બેસતી વખતે સ્વામી ડોક્ટરના મિત્રને બોલ્યા- "તમે ખુરશી પર બેસો કારણ કે તમારાથી નીચે બેસાતું નથીને?" સાંભળતા જ તેમને ઘણું આશ્ચર્ય થયું કારણ કે સ્વામીની અને તેમની આના પહેલાં ક્યારેય મુલાકાત થઈ નહોતી, ત્યાર પછી સ્વામીએ તેમની કૃપા પ્રસાદ તરીકે કેટલાકને વસ્તુઓ પ્રગટ કરી આપી. પછી ડૉક્ટર તરફ વળીને બોલ્યા-' ' તમને શું જોઈએ છે? " ત્યારે ડૉક્ટર બોલ્યા-' સ્વામી, આપની કૃપા!' સ્મિત કરીને સ્વામીએ ડૉક્ટરને તેમની પ્રેક્ટિસ બદલ પૂછતા ડૉક્ટર બોલ્યા-"હું ગરીબો પાસેથી ફી

લેતો નથી અને દવા પણ મફત આપું છું.' ત્યારે સ્વામીને ઘણો આનંદ થયો. તેમણે ડૉકટરને આશીર્વાદ આપ્યા અને બોલ્યા-‘ શ્રી સિદ્ધિવિનાયકની તારા પર કૃપાદષ્ટિ છે. " (ડૉક્ટરનું દવાખાનું સિદ્ધિવિનાયક મંદિરની પાસે જ છે.)

બીજે દિવસે ડૉક્ટર જ્યારે ફરીથી સ્વામીના દર્શન માટે બેઠેલા હતા, ત્યારે સ્વામીએ થોડાં અંતરેથી તેમની તરફ પ્રેમાદ્ર નજરથી જોયું અને આશીર્વાદનો હાથ ઉપર કરીને આગળ નીકળી ગયા. આગળ જતી વખતે એક સેવાદળ સ્વયંસેવકને તેમણે કાંઈક સૂચના આપી. થોડી જ વારમાં તે સ્વયંસેવક ડૉક્ટરની પાસે આવ્યો. પછી તેમને અને તેમના સગાને લઈને ગણેશ ગેટ પાસે આવ્યો. ત્યાં એક કાર ઉભી હતી તેમાં આ બન્નેને બેસાડીને તે નીકળી ગયો. તે મોટર ડૉક્ટરને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ લઈ ગઈ અને ત્યાંના બધા વિભાગ તેમને બતાવવાની સ્વામીની આજ્ઞા હોવાથી તેમને આખી હોસ્પિટલ બતાવવામાં આવી. હોસ્પિટલ જોઈને ડૉક્ટરને આનંદ થયો. સ્વામીનો પોતા માટેનો પ્રેમ જોઈને તે કૃતજ્ઞ થયા અને તેમને સમજયું કે, તેમની સેવાભાવી વૃત્તિના ફળ સ્વરૂપ જ સ્વામીએ તેમને આટલો પ્રેમ આપ્યો હતો.

॥ ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ॥